# ગાંભોઈ-રણાસણ માર્ગ પર રૂપાલ ચોકડી પાસે સ્પીડ બ્રેકર બમ્પ મુકવા પ્રજા માંગ

ગાંભોઈ, તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રૂપાલ ચોકડી બસ સ્ટેશન પરથી પસાર થતા ગાંભોઈ- રણાસણ માર્ગ પર સ્પીડ બ્રેકર બમ્પફ



ના અભાવે દોડતા ભારવાહક વાહનોના કારણે નાના ટુ-વ્હીલર વાહનો અને મુસાફર જનતાને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. આ અંગે સ્થાનિક યુવા અગ્રણી અશ્વિન ભીમાણી તેમજ ડૉ.મૃગેશ પંચાલ જણાવે છે કે ગાંભોઈથી રણાસણ જતો જિલ્લાનો મુખ્ય માર્ગ રૂપાલ અને મનોરપુર જતા ગ્રામ્ય માર્ગો સાથે જોડાયેલ હોઈ આ ચાર માર્ગીય રૂપાલ પાટિયા બસ સ્ટેશન પર રોજિંદા વાહનોની અવર-જવર ખૂબ જ રહે છે. આ માર્ગ પર ગ્રામ્ય વિસ્તારને સાંકળતા રૂપાલ અને મનોરપુર માર્ગ પર સ્પીડ બ્રેકર બમ્પ મૂકવામાં આવ્યા છે પરંતુ ગાંભોઈ- રણાસણને સાંકળતા મુખ્ય માર્ગ પર સ્પીડ બ્રેકર બમ્પફ ના મુકતા આ માર્ગ પર ટ્રક ટ્રેલરો અને અન્ય ભારવાહક વાહનો ફુલ સ્પીડે હંકાળવામાં આવતા હોવાથી આ રૂપાલ મનોરપુર ક્રોસ રોડ ચાર રસ્તા બસ સ્ટેશન પર વારંવાર વાહન અકસ્માતો થઈ રહ્યા છે. આ માર્ગ પર આંતરિયાર ગ્રામ્ય વિસ્તારોમાંથી રોજિંદા અવર-જવર કરતા ટુ વ્હીલર વાહન ચાલકો અને સ્થાનિક રાહદારીઓ માટે આ સ્પીડ બ્રેકર બમ્પ ના અભાવે માર્ગ જોખમકારક બન્યો છે. જિલ્લામાં હિંમતનગરએ




શાળા- કોલેજમાં અભ્યાસ માટે અવરજવર કરતા વિદ્યાર્થીઓ માટે પણ કાયમી અકસ્માતનો ભય રહે છે. આ અંગે જિલ્લાના જવાબદાર તંત્ર દ્વારા સત્વરે આ માર્ગ પર સ્પીડ બ્રેકર બમ્પફ મૂકવામાં આવે તેવી સ્થાનિક વિસ્તારની પ્રજા ઈચ્છી રહી છે.

# હિંમતનગરની યશદીપ હોસ્પિટલના ૨ ડૉક્ટરને છટકું ગોઠવી ભ્રૂણ પરીક્ષણ કરતાં ઝડપી લેતી રાજસ્થાનની ટીમ

**પોલીસ સ્ટેશન લઈ ગયા પછી ડૉક્ટર અને દલાલની તબિયત લથળતાં સારવાર હેઠળ : મેડીકલ રિપોર્ટ પછી ગમે તે ઘડીએ રાજસ્થાન લઈ જવાની સંભાવના**





બાયડ, તા.૧૯

હિંમતનગર શહેરમાં જાણીતી સ્ત્રી રોગ હોસ્પિટલમાં ભ્રૂણ પરીક્ષણ કરાતું હોવાની બાતમી આધારે રાજસ્થાનના જયપુરની ટીમે છટકું ગોઠવી હોસ્પિટલના ૨ ડૉક્ટરોને ભ્રૂણ પરીક્ષણ કરતાં રંગેહાથે ઝડપવાની સાથે દલાલ મહિલાને પણ ઝડપી સોનોગ્રાફી મશીન સીલ કરવાની સાથે રૂ ૧૦,૦૦૦ની રકમ જપ્ત કરી છે. ભ્રૂણ પરીક્ષણ કરતાં ઝડપાયેલા ડૉક્ટરોને પોલીસ સ્ટેશને લઈ જવામાં આવતા હતા ત્યારે તબક્કાવાર બંન્ને ડૉક્ટરોએ તબિયત લથળ્યાનું જણાવતાં એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે મહિલા દલાલને પણ છાતીમાં દુખાવો ઉપડતાં દાખલ કરવામાં આવી છે. મેડીકલ રિપોર્ટ પછી ત્રણેયને રાજસ્થાનની ટીમ પોતાની સાથે તપાસ માટે લઈ જઈ શકે છે.

સાબરકાંઠા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં રાજસ્થાનની મહિલાઓ દલાલો મારફતે ગેરકાયદે ભ્રૂણ પરીક્ષણ કરાવતા હોવાની રાજસ્થાની પી.સી.એન્ડ પી.એન.ડી.ટી. ટીમને મળ્યા પછી આવા ડૉક્ટરોને ઝડપી લેવા માટે ઉદેપુરથી શાંતાદેવી જયસ્વાલ નામની દલાલનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ટીમ દ્વારા દલાલને કોઈ શંકા ન જાય તે માટે અન્ય ગર્ભવતી મહિલાને તેની પાસે મોકલી ભ્રૂણ પરીક્ષણ માટે જણાવ્યું હતું અને તે માટે દલાલને રૂ ૪૦ હજાર આપવામાં આવ્યા હતા. છેલ્લા એક સપ્તાહ સુધી ટીમને ઉદેપુર આસપાસ ભ્રૂણ પરીક્ષણ કરાવવાનું કહ્યા પછી છેવટે સાબરકાંઠાના હિંમતનગરમાં યશદીપ હોસ્પિટલમાં દલાલ મહિલાને લઈને ભ્રૂણ પરીક્ષણ માટે આવી ત્યારે ડમી ગ્રાહક બનીને આવેલી ગર્ભવતી મહિલાએ ગર્ભ પરીક્ષણ થયા પછી ટીમને ઈશારો કરતાં સોનોગ્રાફી રુમમાં રાજસ્થાનની ટીમ ત્રાટકી હતી અને ડૉ.મહેન્દ્ર સોની અને ડૉ.દિપક પટેલને ગર્ભ પરીક્ષણ કરતાં ઝડપી લેવાની સાથે સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવ્યું હતું અને મહિલાને આપવામાં આવેલા ૪૦ હજાર પૈકી રુ ૧૦,૦૦૦ની રોકડ સ્થળ ઉપરથી નંબરવાળી નોટોના આધારે કબજે લેવામાં આવી હતી. બે ડૉક્ટરો ભ્રૂણ પરીક્ષણમાં રાજસ્થાની ટીમના હાથે ઝડપાયાની વિગતો બહાર આવતાં સમગ્ર શહેરમાં સનસનાટી મચી ગઈ હતી. ડૉ.મહેન્દ્ર સોનીને રાજસ્થાનની ટીમ પોલીસ સ્ટેશને લઈ જવા માટે તૈનાત થઈ ત્યારે તબિયત લથળતાં હોસ્પિટલમાં લઈ જવાયા. જ્યારે ડૉ.દિપક પટેલ અને દલાલ મહિલા શાંતાદેવી જયસ્વાલે પોલીસ મથકમાં તબિયત બગડયાની જાણકારી આપતાં પોલીસ દ્વારા એમ્બ્યુલન્સ બોલાવી બંન્નેને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ભ્રૂણ પરીક્ષણમાં કથિત સંડોવણીવાળા બે ડૉક્ટરો અને દલાલને એક જ મોડસ ઓપરેન્ડીથી હોસ્પિટલમાં લઈ જવાતાં આ મામલે અનેક અટકળો શરુ થઈ છે. જ્યારે રાજસ્થાનથી આવેલી ટીમ હિંમતનગરમાંથી ભ્રૂણ પરીક્ષણ શોધી કાઢતી હોય તો સ્થાનિક આરોગ્ય તંત્ર કેમ આંખે પાટા બાંધીને બેઠું છે ?? તેવા અણિદાર સવાલો થઈ રહ્યા છે.

### ડૉક્ટરની તબિયત લથળતાં હોસ્પિટલ લઈ ગયા – પી.એસ.આઈ.

બી-ડીવીઝન પી.એસ.આઈ., વી.આર.ચૌહાણનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે અહીંયાં એક ડૉક્ટરને લાવવામાં આવ્યા હતા પરંતુ કોઈ લેખીત ફરિયાદ આપી ન હતી અને છાતીમાં દુખાવો ઉપડયો છે તેવું કહેતાં પોલીસ સામે કોઈ ખોટી કસ્ટોડીયન ડેથનો મામલો ઉભો ન થાય તે માટે બારોબાર ડૉક્ટરને કેટલાક લોકો હોસ્પિટલમાં લઈ ગયા હતા.

### મહિલા દલાલની પણ તબિયત લથળી

જિલ્લામાં રાજસ્થાનની ટીમે ડૉક્ટરોને ભ્રૂણ પરીક્ષણ કરતાં પકડ્યા હોય અને ૨ ડૉક્ટરો તેમજ દલાલોની તબિયત લથળી હોય તેવો પ્રથમ કિસ્સો નોંધાયો છે. કહેવાતી મહિલા દલાલની પણ તબિયત લથળતાં એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.

### કલેક્ટર દિલ્હી, જિલ્લા વિકાસ અધિકારીએ ફોન ઉપાડવાનું ટાળ્યું

હિંમતનગર શહેરમાં ભ્રૂણ પરીક્ષણ જેવી ગંભીર ઘટનાનો મામલો પ્રકાશમાં આવવો અને પછી કોઈપણ વિગત બહાર આવી નથી ત્યારે જિલ્લા કલેક્ટર નૈમેષ દવેનો સંપર્ક કરતાં તેઓ દિલ્હી હતા. જ્યારે જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરાએ કોઈપણ કારણોસર ફોન ઉપાડવાનું ટાળી દીધું હતું.

### બિમારીનું નાટક કરો પછી મામલો સમેટાઈ જશે - યુવાન કોણ ??

ભ્રૂણ પરીક્ષણ કરવાના કથિત આરોપ હેઠળ ડૉક્ટરને પોલીસ સ્ટેશન લઈ જવાયા ત્યારે ટોળામાંના એક યુવાને બિમારીનું નાટક કરો, હોસ્પિટલમાં દાખલ થઈ જાઓ અને પછી આખોય મામલો સમેટાઈ જશે તેવું બોલતો હોવાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં યુવાન કોણ છે ?? તેની ચર્ચાઓ પણ ચાલી રહી છે.

### ભ્રૂણ પરીક્ષણ કરતા તબીબો સામે કાર્યવાહી કરો - એડવાઈઝરી ચેરમેન

સાબરકાંઠા જિલ્લામાં જાતિ પરીક્ષણ કરતા તબીબો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવી જોઈએ તેમ પી.સી.એન્ડ પી.એન.ડી.ટી. એડવાઈઝરી કમીટીના ચેરમેન કુ.કૌશલ્યા કુંવરબાએ યોજેલી બેઠકમાં જણાવ્યું હતું. રાજસ્થાનથી આવતી ટીમો જિલ્લામાં ગર્ભ પરીક્ષણનો પર્દાફાશ કરી રહ્યા છે તો પછી સ્થાનિક આરોગ્ય તંત્રની કામગીરી સામે પણ સવાલ સ્વાભાવિક છે.



# બાયડના અયોધ્યાનગરમાં રામના દ્વારે પ્રવેશતાં ઉભરાતી ગટરોથી રહીશોની હાલત કફોડી

**મચ્છરોનો ઉપદ્રવ વધતાં રોગચાળાનો ભય**

બાયડ, તા.૧૯

બાયડના ગાબટ રોડ ઉપર આવેલા અયોધ્યાનગરમાં રામજી મંદિરમાં જવું હોય તો હાલત કફોડી થઈ જાય તેવી સ્થિતિ ઉભરાતી ગટરોના કારણે જોવા મળી છે. સ્થાનિક લોકોએ પાલિકા સમક્ષ વારંવાર રજૂઆત છતાં પણ ઉભરાતી ગટરોનો હલ આવ્યો નથી અને હવે ચોમાસા દરમ્યાન મચ્છરોનો ઉપદ્રવ વધતાં ઘેર ઘેર માંદગીના ખાટલા ઢળાય તેવો ભય સેવાઈ રહ્યો છે. મળતી જાણકારી અનુસાર તાજેતરમાં વરસાદના બીજા રાઉન્ડમાં લાખેશ્વરી સહિતના અનેક વિસ્તારોમાં પૂર આવ્યા પછી હજુ સ્થિતિ થાળે પડી નથી. ધરોમાંથી પાણી ઓસર્યાં પરંતુ ગરીબોની હાલત વધુ દયનીય બની ગઈ છે અને હવે અયોધ્યાનગર



વિસ્તારમાં ઉભરાતી ગટરોએ સ્થાનિક રહીશોનું જીવન છેલ્લા કેટલાય સમયથી નર્કાગાર બનાવી દીધું છે. પાલિકામાં રજૂઆતો છતાં પણ યોગ્ય હલ આવતો નથી જેના કારણે પ્રબુધ નાગરિકોએ પણ ફરિયાદ કરવાનું સ્વયં ટાળી દીધું છે. અયોધ્યાનગરની સાથે બાયડના અન્ય વિસ્તારોમાં પણ વરસાદી પાણીના નિકાલના અભાવ અને ઉભરાતી ગટરોના કારણે કેટલાક વિસ્તારો નર્કાગાર બની ગયા છે. અયોધ્યાનગરમાં દરરોજ રામજી મંદિરે દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓ પણ ઉભરાતી ગટરોનું નિરાકરણ ન આવતાં આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા છે. સરકાર દ્વારા સ્વચ્છતાના નામે પાલિકા વિસ્તારોને એવોર્ડ આપીને નવાજવામાં આવે છે પરંતુ વાસ્તવિક સ્થિતિ કંઈક અલગ છે.

# પ્રાંતિજ બજારના પ્રવેશ દ્વારા સહિતના નગરના અનેક વિસ્તારમાં ગટરના ઢાંકણાની સમસ્યા

**પ્રાંતિજ પાલિકામાં રજુઆત બાદ પણ તંત્ર દ્વારા ધ્યાને લેવામા આવતુ નથી : ગટરના ઢાંકણમાં હોલ પડતા અનેક નાના વાહનો એમા પટકાય છે**





પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ બજાર ના મુખ્ય બે માર્ગ સહિત અનેક વિસ્તારોમાં ગટરના ઢાંકણ ના હોય પ્રાંતિજ પાલિકા મા રજુઆત બાદ પણ પાલિકા જાણે હાલતો કુંભ કર્ણ નિંદ્રામાં હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે

પ્રાંતિજ નગર પાલિકા નગરજનોને પ્રાથમિક સુવિધાઓ આપવામા પાછી જોવા મળી રહી છે ત્યારે પ્રાંતિજ નગરપાલિકાની વધુ એક સેવામા પાછીપાની થતી જોવા મળી રહી છે ત્યારે પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન થી સ્વ.વાસુદેવભાઇ રાવલ સર્કલ ની બન્ને તરફ બજાર મા પ્રવેશવાના બન્ને મુખ્ય રસ્તાઓ ઉપર રસ્તાની વચોવચ આવેલ ગટર ના ઢાંકણ છેલ્લા કેટલાય મહિનાઓથી તુટી ગયા છે અને બજારના વેપારીઓ તથા રોજીંદુ અવરજવર કરતા લોકો દ્વારા આ ગટર ના ઢાંકણાને લઈ ને રજુઆતો કરવા છતાંય પ્રાંતિજ પાલિકા દ્વારા આજદિન સુધી ઢાંકણા નાખવામા આવ્યા નથી તો સ્વ વાસુદેવભાઇ સર્કલ પાસે આવેલ ગટરના ઢાંકણ વચ્ચોવચ હોય અને હોલ પડીજતા નાના વાહનો કે રીક્ષા ચાલકો અવરનવર આ ખાડામા પડે છે અને નગરજનોના વાહનો ને નુકસાન કે પછી વાહન ચાલક ટાયર ઘુસી જતા નીચે હાડકા ભાગ્યા છે અને વાહન ને નુકસાન થતા નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે તો તપોધન વાસ , રેલ્વેસ્ટેશન શાનતીનાથ સોસાયટી , બજારચોક સહિત ના વિસ્તારો મા અનેક જગ્યાએ ગટર ના ઢાંકણા તુટેલા છે અને બજાર વિસ્તાર મા તો રોડ બન્યો પણ ગટર ના ઢાંકણા રોડ સાથે ઢાંકણ ઉચા ના લેવાતા હાલ વરસાદ પડતા અથવા ગટર નુ પાણી ઉભરાઈ ને ઢાંકણ ઉપર પાણી ભરાઈ રહેતા રોડ ઉપર થી વાહન પસાર થાય તો ઢાંકણ ઉપર ભરાયેલ ગંદાપાણી ની શેરો ઉડે છે અને છેક દુકાન મા ધુસી ને ગંદકી ફેલાવે છે ત્યારે હાલતો રહીશો , વેપારીઓ તથા વાહન ચાલકો દ્વારા રજુઆતો છતાંય પ્રાંતિજ પાલિકા દ્વારા સુવિધા પુરી પાડવામા આવતી નથી અને લોકોની સમસ્યા ઉપર ધ્યાન આપવામા ના આવતુ હોવાની રાહ પણ ઉઠવા પામી છે ત્યારે આ ટુટેલા ગટરના ઢાંકણા કયારે બદલાશે અને રોડ વચ્ચોવચ રહેલ નીચા પડી પડી ગયેલ ઢાંકણ નો કોઇ ઉકેલ આવશે કે કેમ એ તો હવે જોવુ રહ્યુ.

### નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રાર્થનબેન નુ શુ કહેવુ છે

નગરપાલિકા ના ચીફ ઓફિસર પ્રાર્થનબેન ને આ અંગે ટેલીફોનીક પુછતા તવોએ જણાવ્યુ કે મારી જોડે હજી કપ્લેન આવી નથી પણ હું એસાઈ સંજયભાઈ ને પુછીને ઢાંકણ મગાવી લઈશુ અને જયા-જયા જરૂર હશે ત્યા જોવાડાવી ને મગાવી લઈશુ

### એસાઇ સંજયભાઇ ચૌધરીનુ શુ કહેવુ છે

આ અંગે સંજયભાઈ ચૌધરી નો પણ ટેલીફોનીક સંપર્ક કરતા તેવોએ જણાવ્યુ કે હા ગટર ના ઢાંકણ તુટી ગયા છે પણ જુના હોય તેવા ઢાંકણા હાલ મલતા નથી અને મે આ અંગે કોન્ટ્રાક્ટર રમેશભાઈ એ સાઇડ ના ઢાંકણા બનાવવાનુ કીધુ છે અને હાલ અત્યારે ગમેતે કરી આજે ઢાંકણ મા પડેલ ખાડાઓ (કાણાંઓ) પુરાવડાવુ છુ.

# પ્રાથમિક શાળામાં શિક્ષણ અને શિક્ષક બંનેની ગેરહાજરી વાયરલ VIDEOમાં પ્રા.શાળાના બાળકોને કક્કો પણ નથી આવડતો

**અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અંજનાબેન ચૌધરીએ અમે તપાસ કરાવીએ છીએ કહી વધુ કહેવાનું ટાળ્યું : ભિલોડા તાલુકા શિક્ષણાધિકારીએ શિક્ષણની પોલ ખુલ્લી પડી જતા ફોન ઉપાડવાનું ટાળ્યું, સતત સંપર્ક કરવાનો પ્રયાસ નિષ્ફળ : અરવલ્લી જીલ્લાની અનેક પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને વાંચતા લખતા આવડતું નથીની ચર્ચા જામી**

મોડાસા, તા. ૧૯

ગુજરાત સરકાર પ્રાથમિક શિક્ષણ પાછળ વર્ષ દહાડે કરોડો રૂપિયા ખર્ચ કરી રહી છે શાળામાં કન્યા કેળવણી અને પ્રવેશોત્સવના જાણે તાયફા થઈ રહ્યા હોય તેમ પ્રાથમિક શાળાનું શિક્ષણ કથળતું જઈ રહ્યું હોવાથી લોકો ન છૂટકે પેટે પાટા બાંધી પોતાના બાળકોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે પૈસા ખર્ચી ખાનગી શાળાઓમાં અભ્યાસ કરાવવા મજબુર બન્યા છે અરવલ્લી જીલ્લાની અનેક પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને વાંચતા કે લખતા આવડતું ન ચર્ચાએ જોર પકડ્યું છે ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ અંગે વિરોધ કરનાર જાગૃત લોકોને એનકેન પ્રકારે દબાવી દેવામાં આવતા હોવાની બૂમ ઉઠી છે ત્યારે અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે જેમાં વર્ગખંડમાં શિક્ષક અને શિક્ષણ પણ ગેહાજર હોવાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે બાળકોના અભ્યાસ માટે જવાબદાર શિક્ષકો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે. ભિલોડા તાલુકાની એક પ્રાથમિક શાળામાં જાગૃત નાગરિક મોબાઈલ સાથે પહોંચી શાળાના અભ્યાસમાં ચાલતી પોલમપોલનો વિડીયો ઉતરી સોશ્યલ મીડિયામાં વાયરલ કરતા શાળામાં અભ્યાસ કરતા બાળકોના ભવિષ્ય અંગે અનેક સવાલ પેદા



થયા છે વાયરલ વીડિયોમાં વર્ગખંડમાં શિક્ષક વગર બાળકો બેસી રહ્યા હોવાની સાથે ધો.૫ના વિદ્યાર્થીઓ બરોબર વાંચી પણ શકતા નથી એક વિદ્યાર્થી શાળામાં કોઈ ભણાવાતું ન હોવાનું કહી રહ્યો છે અને વર્ગખંડમાં બેઠેલા મોટા ભાગના વિદ્યાર્થીઓ વિડીયો સમયે ગુજરાતી પણ વાંચી શકતા નથી જાગૃત યુવક ધો.૫ માં અભ્યાસ કરતા બાળકોને કક્કો અને બાળાક્ષરી પણ ન આવડતું હોવાનું જોઈ ચોંકી ઉઠ્યો હતો પ્રાથમિક શાળાઓમાં શિક્ષણના નામે ચાલતા ધુપ્પલનો પર્દાફાશ કરવા વિડીયો વાયરલ કરતા અધિકારીઓ દોડતા થયા છે લોકોમાં ભારે આક્રોશ છવાયો હોવાની સાથે સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મોટેભાગે જરૂરિયાતમંદ અને શ્રમિકો અને ગરીબોના બાળકો અભ્યાસ કરતા હોવાથી તેમના ઉજ્જ્વળ ભવિષ્ય સાથે ખિલાવડ થઈ રહ્યો હોવાનું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે. પ્રાથમિક શાળાના અભ્યાસમાં ચાલતા લોલમલોલનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા વિડીયો ભિલોડા પંથકની પ્રાથમિક શાળાનો હોવાનું ચર્ચાતા આ અંગે ભિલોડા ટીપીઓનો ફોન પર સંપર્ક કરતા થોડી વારમાં વાત કરું કહ્યા પછી અગમ્ય કારણોસર ફોન ઉપાડવાની તસ્દી ન લેતા જાણે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સમગ્ર ઘટના પર પડદો પાડવા માંગતા હોય તેવું લાગી રહ્યું છે

# સોમ લલિત સ્કૂલના નર્સરીના બાળ વિદ્યાર્થીઓએ ફૂટ/વેજિટેબલ માર્કેટની મુલાકાત લીધી

તલોદ,તા.૧૯

સોમ લલિત સ્કૂલ ના નર્સરી ના બાળ વિદ્યાર્થી ઓ માટે શાળા પરિવારે પાલડી ખાતે ના ફળ અને શાકભાજી માર્કેટ ની મુલાકાત કરાવી હતી.આ મુલાકાત થકી બાળ માનસ માં અનેકાનેક પ્રકારના ફળફળાદી અને શાકભાજી ની ઓળખ પેદા થાય...તેને..એ..સમજી.. માણી શકે તેવો પ્રશંસનીય પ્રયાસ શાળા પરિવાર દ્વારા આયોજીત કરવામાં આવ્યો હતો.સ્ટાફ પરિવાર ના સાનિધ્યમાં બાળકો એ આમ આજે ફ્રુટ માર્કેટ અને વેજીટેબલ



માર્કેટની મુલાકાત લઈને એક અનેરા, નવતર એવા અનહદ આનંદની અનુભૂતિ વ્યક્ત કરી હતી.બાળકો એ સ્ટાફ પરિવારે સલામતી સહ આ બંને માર્કેટ ની મુલાકાત કરાવી ને ઝીણવટ ભરી સમજ પૂરી પાડી હતી.આ નાના ભૂલકાં માટે આ એક આહલાદક નવતર પ્રસંગ હોઈ તેઓ ખુશ ખુશાલ જણાયા હતા.

# પ્રાંતિજના કાટવાડ પાસે ટ્રેઈલર અને બસ વચ્ચે અકસ્માત

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કાટવાડ પાસે ટ્રેઈલર અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમા બસ મા સવાર પેસેન્જરોને સામાન્ય ઈજાઓ પોહચી હતી તો અકસ્માત મા બસ ને નુકસાન થતા એસ.ટી બસના ડ્રાયવર દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ટ્રેઈલર ચાલક વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી. પ્રાંતિજના કાટવાડ ચાર રસ્તા પાસે ટ્રેઈલર નંબર આર.જે.૧૪ જી.જે ૧૧૪૪ નો ચાલક બેદરકારી અને ગફલત ભરી રીતે કાટવાડ ઓવરબ્રીજ નીચેથી સર્વિસ રોડ કોસ કરવા માટે પુરઝડપે ચલાવી સર્વિસ રોડ ઉપર આવતી બસ સાથે અકસ્માત સર્જી બસમા બેઠેલ મુસાફરોને સામાન્ય ઈજાઓ પહોચાડી બસને નુકસાન કરતા બસ ડ્રાઈવર રવિન્દ્રકુમાર હીરાભાઈ કાટવાડ રહે. માંકરોડા (ખરાડી ફળીયુ તા.ભિલોડા જિ.અરવલ્લી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ટ્રેઈલર ચાલક વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ક.૨૭૯,૩૩૭ તથા મો.વ્હા.એકટ કલમ ૧૭૭,૧૮૪ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથધરી હતી.

# લાયન્સ કલબ ઓફ પાલનપુરનો પદગ્રહણ સમારોહ કે.એન.શાહ કોમ્યુનિટી હોલ ખાતે યોજાયો

પાલનપુર તા.૧૯

આગામી નવા વર્ષના પાલનપુર લાયન્સ કલબ ઓફ પાલનપુર ના પદગ્રહણ સમારોહ ના પદગ્રહણ વિધિ કરતાં માનનીય શ્રી લાયન જગદીશચંદ્ર અગ્રવાલ ( પાસ્ટ ડિસ્ટ્રીક ગવર્નર શ્રી ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨.બી.૧) વર્ષ ૨૦૨૩ ૨૪ ના નવા પ્રમુખ લાયન. દર્શિલ.દિપકભાઈ શાહ, મંત્રી શ્રી લાયન. મુકેશભાઈ. એસ. મોઢ, ખજાનચી લાયન. હેપીન.આર. શ્રીપાલ, તથા તેમની ટીમને પદગ્રહણ અધિકારીએ શપથ લેવડાવ્યા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,આ પદગ્રહણ સમારોહના મુખ્ય મહેમાન માનનીય શ્રી અનિકેત ભાઈ ઠાકર (ધારાસભ્ય શ્રી પાલનપુર), તેમજ લાયન પ્રકાશભાઈ અગ્રવાલ (સેકન્ડ વાઈસ ડિસ્ટ્રીક ગવર્નર),અતિથિ વિશેષ.ડોકટર. શંકરભાઈ. કે. મેવાડા, ડોકટર.સુરેન્દ્રભાઈ. ગુપ્તા, બોર્ડ ઓફ ડિરેકટરો, ગ્રોથ કમિટી, ડિસ્ટ્રીક ઓફિસરો, લાયન્સ કલબ ના પૂર્વ પ્રમુખો, શહેરના પ્રબુદ્ધ નાગરિકો, આમંત્રિત મહેમાનો, મોટી સંખ્યામાં હાજર રહી નવા વરાયેલા પ્રમુખશ્રી લાયન દર્શિલ ભાઈ શાહને શુભેચ્છાઓ પાઠવી. આ અંગે પૂરક વિગતો આપતા લાયન્સ કલબ ઓફ પાલનપુરના પૂર્વ પ્રમુખ અને સુવર્ણકાર એસોસિએશન પાલનપુરના પ્રમુખ લાયન ભગવાનભાઈ ઠાકોરલાલ સોનીએ પુરક વિગતો આપતા વધુમાં જણાવ્યું હતું કે, લાયન. કદમભાઈ. લાઠીવાલા (પૂર્વ પ્રમુખ) અને લાયન.ડોકટર. જગદીશભાઈ ઠાકોર (પૂર્વ મંત્રી)એ તેમના વર્ષ દરમિયાન થયેલા કાર્યોની વિગતવાર માહિતી આપી હતી.